ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૩૦-૧૨-૨૦૨૫**

- **ભાજપ સરકારના શાસનમાં ગુજરાત નકલી ચલણી નોટોનું 'એપીસેન્ટર'; આર્થિક સુરક્ષા રામભરોસે**
- **નકલી ચલણી નોટો રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર ખતરો: સરકાર માત્ર આંકડા બતાવીને સંતોષ ન માને, પરંતુ સીમા નિગરાની વધુ કડક બનાવવામાં આવે,**
- **ગુજરાતમાં છેલ્લા દસ વર્ષમાં ૧૭૬.૭૨ કરોડની ૩૨,૭૩,૧૪૧ જેટલી માતબર નકલી ચલણી નોટો પકડાઈ**

ભાજપ શાસનમાં ગુજરાત નકલી ચલણી નોટોનું એપી સેન્ટર અંગે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે દેશમાં નોટબંધી વખતે કેન્દ્ર સરકારે જાહેર કર્યું હતું કે, "નકલી નોટોના કારોબાર પર રોક લાગશે", મોટી રકમ નોટોથી નકલી નોટો / કાલાધન પર રોક લાગશે" તેવી મોટી મોટી જાહેરાત પણ હકીકત સદંતર ઉલટી છે. ગુજરાતમાં ચાલી રહેલા નકલી ચલણી નોટો (FICN)ના નેટવર્કને તોડવામાં ભાજપ સરકારની ઈચ્છા શક્તિનો અભાવ દેખાઈ રહ્યો છે. છેલ્લા દસ વર્ષમાં ૩૨,૭૩,૧૪૧ જેટલી માતબર નકલી ચલણી નોટો જેની કિંમત ૧૭૬ કરોડ જેટલી સબ સલામતની પોલ ખોલી રહ્યું છે ભાજપનાં કહેવાતા મોડેલ સ્ટેટ ગુજરાત અનેક પ્રકારનાં નકલીનાં ધમધોકાર કારોબાર વચ્ચે નકલી નોટોના વિતરણનું મોટું કેન્દ્ર બની ગયું છે. છેલ્લા દાયકા દરમિયાન ગુજરાતમાં અંદાજે ૩૩ લાખથી વધુ નકલી નોટો જપ્ત કરવામાં આવી છે, જેનું કુલ મૂલ્ય ૧૭૬.૪૨ કરોડથી વધુ થાય છે. વર્ષ ૨૦૨૨ માં દેશભરમાં પકડાયેલી કુલ નકલી નોટોમાં ગુજરાતનો હિસ્સો રાષ્ટ્રીય સ્તરે સૌથી વધુ રહ્યો હતો. તે વર્ષે રેકોર્ડબ્રેક ૩૦ લાખથી વધુ નોટો જેની કિંમત ૧૫૦ કરોડ જપ્ત કરવામાં આવી હતી. ભાજપ સરકારની મક્કમ ઈચ્છા શક્તિનાં અભાવે ચાલતા આ 'નકલી નાણાંના ખેલ'ને કારણે રાજ્યની આર્થિક સ્થિરતા જોખમાઈ રહી છે. વર્ષ ૨૦૧૬માં નોટબંધી નકલી નોટો નાબૂદ કરવાનો નિષ્ફળ પ્રયોગ હતો, પરંતુ તેનાથી વિપરીત ઉચ્ચ મૂલ્યની ૫૦૦ અને ૨૦૦૦ની નોટોમાં નકલી કાર્ય વધ્યું છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૨,૦૮,૬૨૫, વર્ષ ૨૦૨૧-૨૨માં ૨,૩૦,૯૭૧, વર્ષ ૨૦૨૨-૨૩માં ૨,૨૫,૭૬૯, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨,૨૨,૬૩૯ અને વર્ષ ૨૦૨૪-૨૫માં ૨,૧૭,૩૯૬ નકલી ચલણી નોટો દેશમાં પકડાઈ છે. દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧,૧૦૫,૪૦૦ નકલી નોટો પકડાઈ છે. મોદી શાસનનાં ૧૧

વર્ષમાં ૬,૩૬,૯૯૨ કરોડનાં બેંક ગોટાળા થયા એટલે કે ૪૧૬ ટકાનો વધારો થયો છે. નોટબંધી પછી છેલ્લા ૬ વર્ષમાં રૂ.૫૦૦ની નકલી નોટોની સંખ્યામાં ૨૯૧ ટકાનો વધારો થયો છે તેમ છતાં મોદી સરકાર મૌન છે.

ગુજરાતમાં નકલી નોટોનો કારોબાર થાય, નકલી ઈન્જેક્શન, નકલી વેન્ટીલેટર, નકલી દવા, નકલી બિયારણ, નકલી ડીગ્રી, નકલી માર્કસીટ, નકલી દારૂ, ડ્રગ્સ વારંવાર ઠલવાય છતાં સબ સલામતની ગુલબાંગો ફેકતી ભાજપના ગૃહવિભાગની સિધ્ધી છે. ગુજરાત નકલી નોટોના કારોબારમાં દેશમાં પ્રથમક્રમાંકે કેમ ? ગુજરાતમાં કરોડો રૂપિયાનો રોજ દારૂ ઠલવાય, ઝેરી દારૂનું ઉત્પાદન થાય, ગુજરાતમાં મોટા પાયે ઘુસતા ડ્રગ્સ અને સ્થાનિક ફેક્ટરીઓમાં ઉત્પાદિત ડ્રગ્સથી લાખો યુવાનો વ્યસનના આગમાં ધકેલાઈ રહ્યાં છે. તેના માટે જવાબદાર ભાજપ સરકાર ગુજરાતની જનતાને જવાબ આપે.

સરકાર માત્ર આંકડા બતાવીને સંતોષ ન માને, પરંતુ સીમા નિગરાની વધુ કડક બનાવવામાં આવે,નકલી નોટો પકડવા માટે AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે.આવા સંગઠિત ગુનાખોરીના નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે.

| વર્ષ | પકડાયેલી નકલી નોટો | મૂલ્ય (કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૬ | ૩૯,૭૨૫ | ૨.૩૭ |
| ૨૦૧૭ | ૮૦,૫૧૯ | ૯.૦૦ |
| ૨૦૧૮ | ૨૮,૮૫૫ | ૧.૨૩ |
| ૨૦૧૯ | ૪૪,૫૮૦ | ૩.૭૭ |
| ૨૦૨૦ | ૨૦,૩૬૦ | ૦.૮૮ |
| ૨૦૨૧ | ૧૮,૧૦૨ | ૧.૦૧ |
| ૨૦૨૨ | ૩૦,૬૪,૦૦૦ | ૧૫૦ |
| ૨૦૨૩ | ૨૦,૦૦૦ | ૫.૦૦ |
| ૨૦૨૪ | ૧૨,૦૦૦ | ૨.૦૦ |
| ૨૦૨૫ | ૯,૦૦૦ | ૦.૮ |
| **કુલ** | **૩૨,૭૩,૧૪૧** | **૧૭૬.૪૨** |

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડિયા કન્વીનર અને પ્રવક્તા